RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 247 * Date: 27.06.2025,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ગુજરાતમાં આગામી ૬ દિવસ ભારે વરસાદની આગાહી



રાજ્યમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં મેઘમહેર છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૨ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. જેમાં આજે (૨૬ જૂન) રાજ્યના ૨૯ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યુ છે. જ્યારે આવતીકાલે ૨૮ જિલ્લામાં ધોધમાર વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. ચાલો જાણીએ આગામી ૬ દિવસ કયા-કેવો રહેશે વરસાદી માહોલ. હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલે શુક્રવારે (૨૭ જૂન) કચ્છ, રાજકોટ, જૂનાગઢ, નવસારી, વલસાડ, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર જિલ્લામાં ભારે વરસાદને લઈને ઑરેન્જ ઍલર્ટ અને દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, સુરત, તાપી, ડાંગ, નર્મદા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહેસાણા, ગાંધીનગરમાં ભારે વરસાદનું યલો ઍલર્ટ જાહેર કર્યુ છે. ૨૮ જૂનના રોજ રાજ્યમાં કચ્છ-સૌરાષ્ટ્રમાં વરસાદનું સૌથી વધુ જોર જોવા મળશે. જેમાં કચ્છ, મોરબી, દેવભૂમિ દ્વારકા, જામનગર, પાટણ, બનાસકાંઠા જિલ્લામાં ઑરેન્જ ઍલર્ટ અને સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, પોરબંદર, ગીર સોમનાથ, મહેસાણા, સાબરકાંઠા, નવસારી, વલસાડ જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કર્યુ છે.

રાજ્યમાં ૨૯ જૂનથી ૧ જુલાઈ દરમિયાન કચ્છ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, નર્મદા, છોટા ઉદેપુર, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, મહીસાગર, દાહોદ, સુરત જિલ્લામાં ધોધમાર વરસાદની આગાહી છે.

# ગોપાલ ઈટાલિયાની જીત બાદ પાટીદારોની ગાંધીનગરમાં યોજાશે મોટી બેઠક



વિસાવદરની પેટાચૂંટણીમાં આપના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાની ૧૭,૫૮૧ મતથી ભવ્ય જીત થઈ છે. ગોપાલ ઈટાલિયાની જીત બાદ પાટીદારોની ગાંધીનગરમાં મોટી બેઠક યોજાશે. પાટીદાર આંદોલનકારીઓની બેઠકને લઈને વરુણ પટેલે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને જાણકારી આપી છે.

ગાંધીનગરમાં પાટીદાર સમાજની સૌથી મોટી બેઠક આગામી ૨૮ જૂને થવાની છે, ત્યારે ગુજરાતના રાજકારણમાં નવાજૂનીના એંધાણ વર્તાઈ રહ્યા છે. મળતી માહિતી મુજબ, બેઠકમાં તમામ પાટીદાર અનામત આંદોલન સમિતિ (છછછજી) કન્વીનરો હાજર રહેશે. વિસાવદરમાં ગોપાલ ઈટાલીયાની જીત બાદ પાટીદારો નવાજૂનીના મૂડમાં છે, ત્યારે અલ્પેશ કથીરિયા, ધાર્મિક માલવિયા, વરુણ પટેલ સહિતના પાટીદાર સમાજના આંદોલનકારી હાજર રહેશે.



## તંત્રી લેખ....

# શેરબજારમાં રોકાણકારો જૂનમાં ફરી સક્રિય

સતત ત્રણ મહિના સુધી શેરબજારમાં ખરીદીથી લગભગ દૂર રહ્યા બાદ રિટેલ રોકાણકારો વર્તમાન જૂન મહિનામાં ફરી સક્રીય બન્યાનું જોવા મળી રહ્યું છે. પ્રાપ્ત ડેટા પ્રમાણે વર્તમાન મહિનામાં રિટેલ રોકાણકારોએ ભારતીય ઈક્વિટીસ કેશમાં અત્યારસુધી રૂપિયા ૫૬૦૦ કરોડથી વધુનું રોકાણ કર્યું છે. બીજી બાજુ વેપાર વોલ્યુમમાં વધારો થયો છે, પરંતુ સરેરાશ દૈનિક ટર્નઓવર ખાસ વધ્યુ નહીં હોવાનું પણ જોવા મળી રહ્યું છે. આ અગાઉના ત્રણ મહિનામાં રિટેલ રોકાણકારોએ રૂપિયા ૨૦,૦૦૦ કરોડનું રોકાણ પાછુ ખેંચી લીધું હતું. વૈશ્વિક અનિશ્ચિતતા તથા ટ્રમ્પના ટેરિફ વોરને કારણે ભારત સહિત વિશ્વભરના શેરબજારોમાં મંદી ફેલાઈ ગઈ હતી.

જો કે ટેરિફ મુદ્દે ટ્રમ્પના કુણા વલણ તથા વૈશ્વિક તંગદિલીમાં થઈ રહેલા ઘટાડાને કારણે જૂનમાં ભારત સહિતના શેરબજારો ફરી ઊંચકાતા રોકાણકારો ખાસ કરીને રિટેલ રોકાણકારો દ્વારા ફરી ખરીદી શરૂ થયાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું.

# જાપાન ટૂર : ડે ૯





નાસ્તા પછી અમે લોકો ઓસાકાના જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી . પહેલો મુકામ ઓસાકા કિલ્લો હતો જે એક શક્તિશાળી યુદ્ધખોર ટોયોટોમી હિદેયોશી દ્વારા બનાવવામાં આવ્યો હતો અને ૧૫૮૩ માં ઓસાકા કિલ્લાનું બાંધકામ શરૂ કર્યું હતું. હિદેયોશી જાપાનના સૌથી શક્તિશાળી પુરુષોમાંના એક હતા. પહેલા તેઓ ખેડૂત હતા. દાયકાઓના સિવિલ વોર પછી અઝુચી મોમોયામા સમયગાળા દરમિયાન સોળમી સદીમાં જાપાનના એકીકરણમાં આ કિલ્લાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી.

૧૯મી સદીના અંતમાં જાપાને મેઈજી યુગમાં પ્રવેશ કર્યો ત્યારે, મેઈજી પુનઃસ્થાપન (૧૮૬૮) દરમિયાન ટોકુગાવા શોગુનેટનો નાશ કરવામાં આવ્યો. જાપાની શાહી સરકાર જૂની સામંતશાહી વ્યવસ્થાના પ્રતીકોને આધુનિક બનાવવા અને દૂર કરવા માંગતી હતી.ઓસાકા કિલ્લો, જે હવે ટોકુગાવા યુગનું પ્રતીક છે, તેને મેઈજી સમયગાળા દરમિયાન ત્યજી દેવામાં આવ્યો હતો અને મોટાભાગે નાશ પામ્યો હતો. ૧૮૭૩માં, મોટાભાગની રચના તોડી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, અને કિલ્લો ઘણા વર્ષો સુધી ખંડેર હાલતમાં રહ્યો હતો. આ કિલ્લો ૨૦મી સદીની શરૂઆત સુધી ખંડેર હાલતમાં રહ્યો.

૧૯૩૧માં, ઓસાકા શહેરે મુખ્ય ટાવરનું પુનર્નિર્માણ કર્યું, જેમાં કેટલીક આધુનિક સામગ્રીજેમ કે કોંક્રેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કિલ્લાના આ સંસ્કરણને શક્ય તેટલું મૂળ ટાવર જેવું લાગે તે રીતે ડિઝાઈન કરવામાં આવ્યું હતું પરંતુ માળખાકીય અખંડિતતા માટે તેમાં ઘણા આધુનિક સ્પર્શનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કિલ્લાની છતને સોનેરી ફિનિક્સથી શણગારવામાં આવી છે, જે સારા નસીબનું પ્રતીક છે. બીજા વિશ્વયુદ્ધ પહેલા જ પુનઃસ્થાપન પૂર્ણ થયું હતું, અને હવાઈ હુમલાઓએ ઓસાકાના કેટલાક ભાગોને નુકસાન પહોંચાડ્યું હોવા છતાં, કિલ્લો મોટાભાગે અકબંધ રહ્યો. બીજા વિશ્વયુદ્ધ પછી, ઓસાકા કિલ્લો શાંતિનો પ્રતીક બની ગયો છે.

કિલ્લો ઘણા ચેરી બ્લોસમ વૃક્ષોવાળા પાર્કથી ઘેરાયેલો છે. તેમાં એક સંગ્રહાલય પણ છે પરંતુ અમે તેની મુલાકાત લીધી નથી. અમે ઓસાકા કિલ્લાના આંતરિક ખાઈ (જળમાર્ગ) ની આસપાસ હોડીની સવારી કરી. હોડીમાંથી, અમને ઓસાકા કિલ્લાની બાહ્ય દિવાલો, સુંદર પથ્થરનો પાયો અને ઓસાકા કેસલ પાર્કની આસપાસની હરિયાળીનાં અદ્ભુત દ્દશ્યો જોવા મળ્યા. અમે કિનારાઓ અને ઓસાકાની આધુનિક સ્કાયલાઈન, ઉમેદા સ્કાય બિલ્ડિંગ અને નદી પરના અનોખા પુલો પર ચેરીના ફૂલો પણ સંપૂર્ણ ખીલેલા જોયા.

અમે યોગી રેસ્ટોરન્ટમાં બપોરનું ભોજન કર્યું. બોટની સવારી પછી અમે ઓસાકા ચુઓ વોર્ડના નામ્બા જિલ્લાની શેરી ડોટોનબોરીમાં ખરીદી કરવાની મજા માણી. ત્યારબાદ અમે નમસ્તે રેસ્ટોરન્ટમાં રાત્રિભોજન કર્યું. આમ અમારો દિવસ ઓસાકામાં પૂરો થયો. બીજા દિવસે અમે નારાની એક દિવસની ટૂર લેવાના હતા .

સપના વિજાપુરા

# કટોકટીના કાળા દિવસોમાં ૧૩ માસ જેલવાસ ભોગવનાર રાષ્ટ્રપ્રેમી ભક્ત શ્રી નગીનદાસ બગડીયા

આજથી ૫૦ વર્ષ પહેલા ૧૯૭૫ જૂન માસની ૨૫મી તારીખ ને કટોકટીની યાદ કરીએ ત્યારે એ કંપન ધ્રુજારી આવી જાય છે. ભારત જેવા ઊંચા આદર્શ મૂલ્યો ધરાવતો લોકશાહી દેશમાં શ્રીમતી ઈન્દિરા ગાંધીએ અંધકાર યુગનો પ્રારંભ કર્યો અને ૨૫મી જૂન ૧૯૭૫ એટલે ઈતિહાસનો સૌથી કાળો દિવસ. ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદીને રાષ્ટ્રપ્રેમી ભક્તોને જેલની અંદર નાખીને જ તેમણે જંપ લીધો અને તેમણે સરમુખત્યારશાહીની સ્થાપના કરી. ૨૦ ઓક્ટોબર ૧૯૩૩ માં જન્મેલા શ્રી નગીનદાસ બગડીયા ની રાજકીય કારકિર્દી ૧૯૫૧ થી શરૂ કરીને ૧૯૯૩ માં પૂરી થઈ તે દરમિયાન કૌટુંબીક જવાબદારી રાજકીય કાર્યો તેમાં આવેલા સંઘર્ષો યાતના ભોગવીને ૧૩ માસમાં કારાવાસ ભોગવી ચૂકેલા શ્રી નગીનદાસ બગડીયા ની જીવનની ઝરમર પડછમ શરીર પ્રભાવી વ્યક્તિત્વ ધન્ય હે ઉન્હે જો રાષ્ટ્ર પર અપના તન મન ધન દે ચૂકે . રાષ્ટ્ર કે લિયે બેચેન હુએ રાષ્ટ્રપતિ સમર્પણ ભાવ રાષ્ટ્ર કે લિએ બલિદાન હુઆ. એવા શ્રી નગીનદાસ બગડીયા ને યાદ સમગ્ર બોટાદ જિલ્લાએ એક સાચા નીડર સાહસિક નેતા ગુમાવ્યા નો અહેસાસ આજે જિલ્લાની જનતા ભૂલી શકી નથી. શ્રી નગીનદાસ ભાઈને યાદ કરતા રાષ્ટ્ર પ્રત્યેનો જોમ,જુસ્સો અને જોશ પેદા થાય છે.તેમનું નિડરતા સાહસિકતા સંઘર્ષમાં જીવન દિપાવેલું ઈન્દિરા ગાંધીએ પોતાની સત્તા ટકાવી રાખવા દેશભરમાં ૧૯૭૫ ની ૨૫મી જૂની કાળી રાત્રે કટોકટી લાદીને લોકશાહીનો મૃત્યુ ઘંટ વગાડ્યો હતો. માં ભૂમિ રક્ષા એ વરેલા હિંમત ખોયા વગર હસતા મોઢે કટોકટીનો સામનો કર્યો અને ધરપકડ થઈ અને ૧૩ મહિના જેલવાસ ભોગવ્યો હતો. કટોકટી હટાવવા મરણીયા પ્રયાસો પણ કર્યા હતા. શ્રી નગીનભાઈ ની સમર્પણ ત્યાગના ભોગે રાષ્ટ્ર નવી ચેતના પ્રગટાવી હતી કટોકટીના ઘાતક હથિયાર બનીને કોંગ્રેસી શાસનને સમાપ્ત કરવા માં કામયાબ રહ્યા. તેમના પરિવારજનોને પણ આર્થિક માનસિક યાતના ના ભોગ બનવું પડ્યું હતું.



એ કાળી રાત્રે યાદ કરતા કંપન અનુભવાય છે જ્યારે ધરપકડ થઈ તે પહેલા ઉપરથી સૂચના મુજબ ભૂગર્ભમાં જતા રહેવાની સૂચના મળેલી અને દરેક સમાચારો બહાર ભૂગર્ભમાં પ્રાપ્ત થતાં એમ કરતાં ત્રણ ચાર મહિના બહાર જતા રહ્યા. કેવો મુંબઈમાં હતા પરંતુ તે દરમિયાન ઘરમાં તેમના શાળાના લગ્નનો પ્રસંગ આવતા ફક્ત બે દિવસ માટે લગ્નમાં હાજરી આપીને પાછા તરત નીકળી જવા તૈયારી કરતા ત્યારે રાત્રીએ ધરપકડનો વોરંટ લઈને ભાવનગરની પોલીસ ખાતું બોટાદમાં આવી ગયું હતું પરંતુ અમદાવાદ વાતચીત દરમિયાન ફૈઝ્ઝ પોલીસે પકડવાનો ઈનકાર કર્યો હતો. આ નગીનભાઈ બગડીયા ને અમે પકડવા નહીં દઈએ,તેમને અમારા ઘણા કામો કર્યા છે. તેમની સાથે અમારા ઘણા સંબંધ છે એમ કરતાં દિલ્હીથી ચંદેર સાહેબ બે થી ત્રણ ફૈઝ્ઝ અને અમદાવાદના પોલીસ ચૌહાણ સાથે બે જીપ અમદાવાદથી આવીને રાત્રે ૧૨:૨૫ ના ટકોરે ઘર પર બેલ મારે છે. મોટી બેન અને નાની બેન દસમાની પરીક્ષા ની તૈયારી હેતુથી વાંચતા હતા અને નિશાની વોરંટ છે ઈન્દિરાજીનું તેડું છે એમ પોલીસ ચૌહાણ સાહેબ કહેતા અમે અમદાવાદનું હોય તો નગીનભાઈ અહીં આવતા વિચાર પરંતુ ઈન્દિરાજીનું કટોકટી નું તેડું છે એમ કરીને જીપમાં બેઠા. મારા પૂજ્ય પિતાશ્રી ની જીપ ફરતે ગામમાં ખબર પડતા જીપ ચાલી શકી નહી તેમની નાની બેબી ત્રણ વર્ષની પોલીસ જીપ આગળ ઊભી રહી રડતી આંસુ સારતી અને મારા પપ્પાને છોડી દો તેવા શબ્દો બોલતી મારે પણ સાથે આવવું છે ઘરના દરેક સભ્ય ને ચૌધર આંસુથી રડતા બધાએ જોયા. ઘરના સભ્યો ઉપર જાણે આભ તોડી પડ્યો હતો ગામમાં વાત પ્રસરતા પોલીસ સ્ટેશનને ગામ આખું હાજર થઈ ગયું અને પરોઢિયે ચાર વાગ્યા તોય ગામબાસી પોલીસ સ્ટેશનમાંથી ગયા નહીં. શ્રી નગીનભાઈ બગડીયા ત્યારે ગામ લોકોએ કહ્યું કે ઈન્દિરા ગાંધીએ સરમુખત્યારશાહી કરીને રાષ્ટ્રભક્તોની ધરપકડ કરી છે પણ તેની સામે છેક સુધી લડી લેવાની જોમ ચૂસતો એક રાષ્ટ્ર પ્રેમ રંગે રંગમાં માં ભોમ પ્રત્યેનું સમર્પણ લોકોએ નજરે નિહાળ્યું અને કહ્યું કે તમે બધા ઘરે જાવ તેમ લોકોને સમજાવ્યા. તેમની ત્રણ વર્ષની દીકરીએ પણ પોલીસચંદેર સાહેબ ખોટું બોલીને જીપમાંથી ઉતારી અને કહ્યું પપ્પા બે ત્રણ દિવસમાં પાછા આવી જશે આ બોલતા તેમની પોલીસની આંખોમાં આંસુ આવી ગયા. સાબરમતી જેલમાં ગયા ત્યાં સાથી બંધુઓ હતા તે મળ્યા અને બીજી હજુ ધરપકડો ચાલુ જ હતી તેમ જેલમાં રહીને પણ બધા સમાચારો અમોને મળતા. મારા પરિવારને માત્ર અઠવાડિયે કે ૧૫ દિવસે મુલાકાત માત્ર ૨૦ થી ૨૫ મિનિટ આપવા દેતા અને મારા ઘરેથી અઠવાડિયે એક વાર નાસ્તા તેમજ ટિફિન લઈ જવામાં આવતું તે લઈને અમે મળવા આવતા અને અમે બધા સાથી મિત્રો સાથે મારી ત્રણ વર્ષની બેબી જ્યારે જેલમાં અને મળવા આવતી અને કહેતી કે પપ્પા તમે ઘરે ચાલો તેને પોલીસ સમજાવીને ચોકલેટ આપતા ત્યારે તે ફેંકી દઈને કહેતી કે મારા પપ્પાને ક્યારે ઘરે મોકલશો? આનો જવાબ પોલીસો પાસે પણ હતો નહીં અરે ચોરી લૂંટના કેસોમાં તો સજાનો તો ચોક્કસ સમય હોય છ માસની કે ચાર માસની પણ આ તો કોઈ સમય નહી કે ક્યારેય છોડશે ક્યારે છોડવામાં આવશે અને અમારા કાર્યોથી તેઓની સત્તા છીનવાઈ જાય તો? આ મને આમ દિવસો પસાર થતા ગયા મારા ઘરેથી મારા વાઈફ અને મોટી બેબી ગાંધીનગર પેરોલ પર છોડવા માટે ધક્કા ખાતા પરંતુ કોઈ જવાબ નહોતો મળતો. પ્રથમ ત્રણ માસના પેરોલ ઉપર છોડવાની વાત આવી અને ગાંધી નગર થી અહીં અને ત્યાં એમ ધક્કા ખાતા ત્યારે હિતેન્દ્ર દેસાઈ ની સરકાર હતી અને વાત સાંભળવા પણ મંજૂર તેઓ થતા ન હતા અને અરજી પણ ફેંકી દીધી હતી. જેલમાં પપ્પાને ઈન્ફેક્શન થઈ ગયું હતું ગુમડા થઈ ગયા હતા દવા લેવી જરૂરી બની ગયું હતું પણ પેરોલ પર અરજીથી ફરી ને ધક્કા ગાંધીનગર ના ખાધા એ દરમિયાન બીજા નંબરની બેબી ને ૧૦ ધોરણની પરીક્ષા ન આપી શકી. તેનું વર્ષ બગડ્યું હતું અને છેવટે સાત દિવસની પેરોલ મંજૂર થઈ બોટાદ આવી ઓપરેશન ગુમડાઓનું કર્યું અને સાત જ દિવસ પછી ફરી જેલવાસમાં ગયા અને ત્યાં રહીને ઘણા કામો કર્યા અને કારાવાસ દરમિયાન જૈન ના પરજુષણ દરમિયાન ઉપગ્રહ આંખ ઉપવાસ ફક્ત ઉકાળેલા પાણીથી કરેલા અને આઠ ઉપવાસની આરાધના કરેલી જેલમાં રહીને મહાન પુસ્તક જૈનોનું કલ્પસૂત્ર નું વાંચન કર્યું અને તેમાં રહેલા ધાર્મિક શબ્દોનું સાથી મિત્રો સાથે અભિવ્યક્તિ પણ કરેલ અને આઠમાં ઉપવાશે તેમની સાથે રહેલા દરેક સાથી મિત્રોએ છેલ્લા દિવસે સાથે બધાએ ઉપવાસ પણ કરેલ. આ વાતની સાબરમતી જૈન સંઘ જૈન સમાજને ખબર પડતાની સાથે નવમા દિવસે આખો વિસ્તાર જૈન સમાજ બેન્ડ ને સલામતી સાથે પારણા કરાવવા નગીનભાઈ ને માટે જેલ પાસે આવી પહોંચ્યા હતા અને પછી સાથી મિત્રો સાથે પણ ના કરાવ્યા હતા તેમના જે આજે સંભારણા યાદ કરતા બની રહ્યા છે. ત્યાં પણ અહિંસા ધર્મો પરમ એ ઉદ્દેશ સાર્થક કરેલ અને આ રીતે અંદર ચર્ચા વિચારણા વાટાઘાટો બધું થતું અને ૧૩ માસ દરમિયાન ઘણા લોકોના સંપર્કમાં અવાયું અને ઘણા સંદેશા બહાર પહોંચાડતા હતા હવે કઈ યોજના પાર પાડવી વિગેરે સમાચારો બહાર પહોંચતા અને જેલવાસ દરમિયાન જે સામાજિક આર્થિકતાનો ભોગ પરિવાર બન્યું એ કમાવા વાળા જેલમાં હતા તેવી પરિસ્થિતિનું સર્જન થયેલું.નગીનભાઈ પોતે એક જ ઘરના મોભી હતા અને બધી જવાબદારી તેમના ઉપર હતી અને તે દરમિયાન પુત્રી વર્ષા દસમા ધોરણની પરીક્ષાના આપી શકી તેમજ નાના બાળકો સાથે આર્થિક સ્થિતિ સામે જયુનતા શ્રીમતી જશુ મતિબેન નગીનભાઈ તે તો તે જ પરિસ્થિતિનો સ્વીકાર કરી શકે. તેઓ એક રાજપૂતાણી હતા અને આર્થિક સ્થિતિ

આભાર - નિહારીકા રવિયા નબળી પડતા અમારું જૂનું ઘર વેચવા કાઢ્યું તેમાં પણ કુટુંબીઓએ નગીનભાઈ ની ગેરહાજરીમાં છેતરપિંડી થી ઓછી કિંમતે લઈ લીધું જે અત્યારે મેઈન રોડ ની જગ્યા છે અને બોટાદમાં ત્યાં કરોડો રૂપિયાની જમીનમાં શોપિંગ સેન્ટરો બની ગયા છે. ભરણપોષણ કરવા બીજી ચાર દુકાનો પણ વેચી નાખી જે બલિદાન પરિવારોએ આપવું પડ્યું જે ક્યારેય માફ ન થઈ શકે તેવી વિટમ બનાવો આવી હતી પરંતુ મા ભોમની રક્ષાએ વરેલા શ્રી નગીનભાઈ ને હિંમત કોયા વગર કટોકટીનો સામનો કર્યો અને કટોકટી હટાવવા મરણિયા પ્રયાસો શરૂ કરી દીધેલા.

જેલવાસ દરમિયાન તેમનો સંકલ્પ કોઈ દગાવી શક્યા ન હતા અને નગીનભાઈ બગડીયા ના સમર્પણ ત્યાગના ભોગે દેશભરમાં એવી ચેતના પ્રગટાવી કે આવનારી પેઢી આ કટોકટીના સાક્ષાત્કાર કરે જે કટોકટોની ઘાતકી ક્રૂર કોંગ્રેસી શાસનને સમાપ્ત કરવામાં દરેક સાથી મિત્રો સાથે સફળ રહ્યા અને જેમાં કૌટુંબિક સભ્યોનો પરિવારને આર્થિક માનસિક અને ગાંધીનગરમાં કોંગ્રેસીઓના અપમાનજનક શબ્દોનું ભોગ બનવું પડ્યું હતું. જેલવાસમાં નગીનભાઈ ની તબિયત લથડી જતા પેરોલ ફરી ના મળી હતી છેવટે બીજો આઝાદી જંગ ખીલતા હોય તેમ લડ્યા અને મોટાભાગના સ્વયંસેવકોને મારી જેમ આર્થિક નુકસાન બેઠવું પડ્યું દરેક સાથે મિત્રોએ પોતાની કટિબદ્ધતા સિદ્ધ કરી અને છેવટે ઈન્દિરાજીએ કટોકટી ઉઠાવી લીધી અને ઈન્દિરાજી હાર્યા.

ચૂંટણીની જાહેરાત થઈ અને પરિણામ કટોકટીથી ત્રસ્ત પ્રજાએ ઈન્દિરા કોંગ્રેસને પછડાટ આપી અને પાંચ પક્ષોના સંગઠનથી જનસંઘ પક્ષ અસ્તિત્વ માં આવ્યો. તે સમયે ગામવાસીઓએ ઉમળકા ભેર સ્વાગત શ્રી નગીનભાઈ નું કર્યું હતું અને તેઓ ઘરે આવ્યા પછી ધંધો વિખેરાઈ ગયો હતો અને શું કરવું તે સમજ ન હતી ઉપરની સુચનાથી ચૂંટણી ૧૯૮૪માં જંગી મતો થી ચૂંટાઈને તેઓ આવ્યા અને જનતાનો ખૂબ પ્રતીસાદ મળ્યો. ૩૫ થી ૪૦ વર્ષથી સમર્પિત ભાવે સેવાનો જંગી પ્રત્યુતર જનતાએ બુલંદ જંગી લોકચાહનાથી હાંસલ કર્યો. શ્રી નગીનભાઈએ જિલ્લામાં કરેલ પ્રજા માટે ફાયર બ્રિગેડ, સીટી બસની સુવિધા ઉપલબ્ધ કરાવી ત્યાર વખતે પ્રથમ દિન દયાળજીની પ્રતિમા મુકાવીને ચોકનું અને રોડનું નામ આજે પણ ડી દયાળ રોડ ના નામે પ્રસિદ્ધ થયું છે જેનું ઉદ્ઘાટન કર્યું હતું અને તેમનું સ્ટેચ્યુ પણ મૂકાવ્યું હતું. બોટાદમાં બ્રિજ બનાવ્યો હતો અને સુખભાદર ડેમ યોજનામાં પાણી બોટાદને મળે તે સતત પ્રયત્નો કરીને ગાંધીનગર ખૂબ દોડધામ કરી હતી. ન્યાય પ્રિય સિદ્ધાંતોને વરેલા ભ્રષ્ટાચાર લાંચ-રુશ્વત નહી ચલાવી લેનેરા અને તેની સામે આંખ લાલ કરતાં અને કહેતા કે કોઈને ભ્રષ્ટાચાર કરવા નહીં દઉં આમ બોટાદ પાલિકા ચૂંટણીમાં પેનલ ટુ પેનલ જીતી આવતા નગરપાલિકાની બોડી રચેતા પ્રમુખ સ્થાને તેઓ આવ્યા અને સુખભાદર ડેમ બોટાદમાં ઓપનિંગ શ્રી છબીલદાસ મહેતા ના હસ્તે કરાવ્યું હતું. પ્રજાને પાણી ભેગા કર્યા હતા અને વલભીપુર વિસ્તારમાં ધારાસભ્ય પદે ચૂંટણી લડ્યા હતા. આમ અનેક કાર્યો પૂરી નિષ્ઠાથી સિદ્ધાંતથી તેઓએ કર્યા હતા.

આમ બોટાદ વાસી તથા તમામ આજુબાજુના ગામડાઓમાં નગીનભાઈએ માટે પૂરી ચાહના માન થી લાગણી પ્રસરી ગઈ હતી અને આજે પણ લોકો તેમનું નામ યાદ આવતા જૂના લોકો ની આખોઅશ્રુ ભીની થઈ જાય છે. જૈન આચાર્ય મહારાજના કામોમાં ગયેલા તળાજા કે જ્યાં હિસાબોના ગોટાળા વહીવટમાં ઢીલાસપણું,ત્યાંના મંદિરોમાં ચોરી કરતા તત્વો સામે બંડ પોકારીને બધું બંધ કરાવ્યું હતું અને ૪૫ લાખ જેટલો હિસાબો ને સાચો કર્યો હતો અને બધું ઠેકાણે પાડ્યું હતું અને રાત્રે આચાર્ય મહારાજ સાથે વાત કરતા હતા ત્યારે તારીખ ૧૩ જુલાઈ ૧૯૯૩ ના રોજ તેમણે એટેક આવતા શ્રી નગીનભાઈ સૌ પરિવારજનો અને બોટાદ જિલ્લાને અશ્રુ ભરી રીતે છોડીને ચીર વિદાય લીધી હતી. આમ આન બાન અને શાન નો તિરંગો ઓઢાડીને હજારો માણસોને કુટુંબના પરિવારોને આંસુ ભીની આંખોએ છોડી મૂકીને તેઓએ વિદાય લીધી હતી અને આજીવન નિષ્ઠાવાન પ્રમાણે એક રાષ્ટ્રભક્ત જીવન ખાદીધારી આજીવન પહેલાં રાષ્ટ્ર સેવક લોકોમાં કંઈક કરી છૂટવાની મહેચ્છા ,દેશ માટે મરી પડવાની ખુમારી ઝોમ જુસ્સો નીડરતા ખુમારી ભર્યું જીવન જીવન ભર જીવનારા શ્રી નગીનભાઈ ને અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આજે પણ લોકોના હૃદયમાં વસેલા એવા શ્રી નગીનભાઈ ને ખુબ ખુબ વંદન.(પુત્રી : શિલ્પા શાહ.અમદાવાદ)

# અમરનાથ યાત્રા આવતા અઠવાડિયે શરૂ થશેઃ સુગમ યાત્રા માટે બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે



શ્રીનગર,

અમરનાથ યાત્રા આવતા અઠવાડિયાથી શરૂ થવાની તૈયારીમાં છે. આ સંદર્ભમાં, યાત્રા સરળ બનાવવા માટે બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, એમ કાશ્મીર પોલીસ વડા વીકે બિરદીએ બુધવારે જણાવ્યું હતું.

×આ વર્ષે શ્રી અમરનાથ યાત્રા આવતા અઠવાડિયાથી શરૂ થઈ રહી છે. જમ્મુ-કાશ્મીર પોલીસ અને અન્ય સુરક્ષા દળોએ યાત્રા માટે તમામ સુરક્ષા વ્યવસ્થા કરી છે. ગયા વર્ષની સરખામણીમાં, આ વખતે યાત્રાને સલામત અને સુગમ બનાવવા માટે બહુસ્તરીય અને ઊંડાણપૂર્વકની સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે,× કાશ્મીર પોલીસના મહાનિરીક્ષકે અનંતનાગમાં પત્રકારોને જણાવ્યું હતું.

વધુમાં, વીકે બિરદીએ પહેલગામ ધરી સાથે યાત્રાના નુનવાન બેઝ કેમ્પની મુલાકાત લીધી અને ૩ જુલાઈથી શરૂ થનારી યાત્રા માટે સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી.

આઈજીપીએ જણાવ્યું હતું કે ૩૮ દિવસની યાત્રા માટે સુરક્ષા વ્યવસ્થાને ઝોનલ સહિત વિવિધ સ્તરોમાં વિભાજિત કરવામાં આવી છે, અને યાત્રા પહેલા બુધવારે દરેક સ્તરે સુરક્ષા કવાયત યોજાઈ હતી.

મુખ્ય વિસ્તારોમાં સુરક્ષા કવાયત હાથ ધરવામાં આવી હતી

×આ કવાયતનો ઉદ્દેશ્ય કોઈપણ આકસ્મિક સમયે આપણી સતર્કતા અને આપણી ક્રિયાઓ અને પ્રતિભાવોની તૈયારીને સુધારવાનો છે. યાત્રા માર્ગો પર કેમ્પ, રસ્તાઓ અથવા આંતરિક ભાગો જેવા દરેક સ્થળે આવી કવાયત હાથ ધરવામાં આવી હતી જેથી તમામ સુરક્ષા દળો સતર્ક રહે અને કોઈપણ આકસ્મિક ઘટના સામે લડવા માટે તેઓએ કયા ચોક્કસ કાર્યો કરવા પડશે તે જાણી શકે,× તેમણે ઉમેર્યું.

યાત્રાને સ્થાનિક સમર્થન વિશે પૂછવામાં આવતા, બિરદીએ કહ્યું કે સ્થાનિક વસ્તીના સમર્થન વિના યાત્રા ચલાવી શકાતી નથી.

સ્થાનિકો શક્ય તેટલી બધી મદદ કરવા તૈયાર છે.

×સ્થાનિક લોકોની મદદ અને સમર્થનને કારણે તેઓ સફળ થાય છે. આ વખતે પણ, લોકો યાત્રાળુઓનું સ્વાગત કરવા અને તેમને શક્ય તેટલી મદદ પૂરી પાડવા માટે ઉત્સાહિત છે,× એ કહ્યું.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG.ss No. 213**
વિષય :- ’રથયાત્રા, અષાઢી બીજ’
શીર્ષક :- ‘નિસર્યા પ્રભુજી’
પ્રકાર :- પદ્ય, ધોળ. (શબ્દો :-૧૦૩)

નિજમંદિરથી નિસર્યા પ્રભુજી, દર્શન કરજો પ્રેમે સખીજી,
દાઉભૈયા સુભદ્રા બેની, નગરચર્યામાં આવ્યા પ્રભુજી.

ગગનમડળે અમૃત વર્ષે, રિમજીમ રિમજીમ બાદલ વર્ષે,
ચૌદ ભવનના નાથ બિરાજે, દર્શન કરજો પ્રેમે સખીજી,

ભક્તો પર તે કૃપા વર્ષાવે. સખા ને સખિયન આરતી ગાવે,
હાથી, ઘોડા ને સુવર્ણ રથના, દર્શન કરજો પ્રેમે સખીજી.

માખણમિસરી ને મગજના લાડુ, પ્રેમભર્યા હું પ્રસાદ ધરું છું,
બેન સુભાદ્રાના મામેરા કીધા, દર્શન કરજો પ્રેમે સખીજી,

દ્રષ્ટા પધાર્યા દ્રશ્ય બનીને, સર્વ જીવોના ઉધ્ધાર કાજે,
મનમંદિરમાં સ્થાપી લીધા મેં, દર્શન કરજો પ્રેમે સખીજી,

સંસાર માયા ‘સ્વજન’ ફસાયો, હાથ મારો જાલો પ્રભુજી,
જગતનાથનું એકજ શરણું, દર્શન કરજો પ્રેમે સખીજી,
(યોગેશભાઈ પંડયા ‘સ્વજન’ જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO -353**
વિષય - રથયાત્રા અષાઢી બીજ
શીર્ષક - ભકિતથી રંગાયેલી રથયાત્રા
પ્રકાર - ગદ્ય શબ્દો - ૨૦૨

રથયાત્રા ભગવાન જગન્નાથજીની બહેન સુભદ્રાજી ને ભાઈ બલભદ્ર સાથે ભક્તોને દર્શન આપવા માટે વર્ષમાં અષાઢી બીજ ના રોજ સોનાના રથ પર બેસી નગરચર્યા પર નિકળે.

ભગવાન જગન્નાથજીની ભક્તોના દર્શન કરવા નિકળે ભક્ત ભગવાન ના દર્શન કરવા જાય પણ વાલો કૃષ્ણ તો પોતે ભકતોના દર્શન કરવા નિકળે એને ભક્તોને નિખરવા છે. પ્રેમ ને દયાની દષ્ટિ થકી એમને ન્યાલ કરવા છે. બસ નિરખી નયન ને ભક્તોની ભક્તિ થી ભરી દેવા છે.

ભક્તિ, સત્સંગ ને ભજન નો ત્રિવેણી સંગમ એટલે રથયાત્રા વાલો જગન્નાથ રુપે સૌને દર્શન આપી. એની ભકિતમાં તરબોળ કરી દે.

શબ્દો પણ ઓછા પડે વર્ણન કરતાં એવી ભક્તિ નો માહોલ હોય. શેરીએ મહોલ્લામાં સૌ કોઈ ભગવાનના દર્શનની રાહ જોતા બેઠા હોય ને પ્રસાદ પ્રાપ્ત કરી પ્રભુના સાક્ષાત દર્શન થાય એવો અનુભવ કરે.

અષાઢ મહિનો આકાશે વાદળા ઘનઘોર છવાયા હોય ને વાલો રથમાં બેસી અમી છાંટણા વરસાદ રુપે કરતો હોય એની ભકિતમાં ભીંજવી દેતો. કેવો લાગે એ કાળિયો ઠાકર એનું વર્ણન કરવા શબ્દો પણ ઓછા પડે એવી ભગવાન જગન્નાથજીની ની રથયાત્રા હોય. જાણે કે આખું સ્વર્ગ ઘરતી પર ઊતરી આવ્યું હોય એવી દિવ્ય ને ભક્તિ થી રંગાયેલી રથયાત્રા.

સોલંકી પ્રકાશકુમાર મનુભાઈ "એકાંત"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વંદ્વ જીજી દ્વં.૩૪૩
વિષય :- રથયાત્રા અષાઢી બીજ
શીર્ષક :-ભાવભરી અષાઢીબીજ
પ્રકાર:- પધ શબ્દો :- ૯૦

આવી અષાઢીબીજને વર્ષાનાં અમીછાંટણામાં સર્વનાં ભીનાં ચહેરાઓ હર્ષભાવે મલકે,
જગતનો તાત વાવણી કરી લાગણી સાથે કુદરતને નમ્રભાવે નમે,
જગન્નાથપુરી અમદાવાદ દ્વારકા ભાવેણા વિગેરે નગરોમાં રથયાત્રા ભક્તિભાવે ઘૂમે,
પ્રભુ જગન્નાથ નીજમંદિરેથી પાલખીમાં નગરચર્યા ફરતાં શ્રદ્ધાળુ ભક્તોને આસ્થાભાવે ગમે,
નગરોની શેરી ગલીઓમાં રથયાત્રામાં જગન્નાથ ભાઈ બલરામ ભગિની સુભદ્રા સંગ રંગે ચંગે કુટુંબભાવે શોભે,
રથયાત્રામાં મગ જાંબુ કેરી કાકડીનો પ્રસાદ સૌ પ્રેમભાવે પ્રભુને ધરે,
રામદેવપીરને પણ સૌ ભક્તો મંદિરોમાં દર્શન કરી શ્રધ્ધાભાવે સ્મરે ,
કચ્છીમાડુઓ પણ અષાઢીબીજે નૂતનવર્ષ ને આનંદ ઉત્સાહભાવે આવકારે,
જગમાં હિન્દુઓ અષાઢીબીજનો તહેવાર " ચંદ્ર " નાં પ્રકાશની જેમ ઉજ્જવળભાવે ઉજવે.

" ચંદ્ર " ચંદ્રકાન્ત હરીલાલ માઢક
નીવૃત પોલીસ સબ ઈન્સ. (રાજકોટ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વંદ્વ જીજી દ્વં. ૩૪૭
વિષય:- રથયાત્રા - અષાઢી બીજ
શીર્ષક:- કચ્છી નૂતન વર્ષ
પ્રકાર:- ગદ્ય. શબ્દો:- ૨૩૪

અષાઢી બીજ એટલે આપણાં કચ્છી માંડુંઓનું બેસતું વર્ષ. પુંજાજી ચાવડાના શાસન સમયે જામ રાયધણજીએ તેમની પાસેથી શાસન લીધું અને ગુરુ ગોરખનાથે તેમને અષાઢી બીજના દિવસે ગુરુમંત્ર આપ્યો. ત્યારથી આ દિવસને નવા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી થયું.

ઉપરાંત કચ્છના કુશળ શાસક લાખો ફુલાણી દેશવટો ભોગવી કચ્છ પરત ફર્યા અને તે દિવસે કચ્છમાં મનભરીને વરસાદ વરસ્યો અને તરસ્યા કચ્છના લોકો આનંદિત થઈ આ દિવસને નવા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું.

અષાઢી બીજ, કચ્છી નવા વર્ષ અંગેનો ઈતિહાસ સાથે પાણીનો મહિમા પણ જોડાયેલો છે. દરિયાખેડુઓ આ દિવસો દરમ્યાન દરિયો ખેડીને પાછા આવતા હોવાથી પણ તેમના પરિવારમાં ખુશી છવાઈ છે. તેથી પણ અષાઢી બીજને નવા વર્ષ તરીકે ઉજવાય છે. તો ખેડૂતો આ દિવસો દરમિયાન ખેતીના મંડાણ કરતા હોવાથી પણ આ દિવસ વિશેષ બને છે.
"કચ્છડો ખેલે ખલક મેં, જીં મહાસાગર મેં મચ્છ, જિત હિકડો કચ્છી વસે, ઉતે ડિયાણી કચ્છ."
પહેલાંના સમયમાં કચ્છમાં અષાઢી બીજનાં દિવસે જ નવા ચલણી સિક્કા બહાર પડતાં હતાં.
"શિયાળે સોરઠ ભલો,
ઉનાળે ગુજરાત,
ચોમાસે વાગડ ભલો,
પાંજો કચ્છડો બારે માસ"
કચ્છ હોય કે કચ્છ બહાર જ્યાં જ્યાં કચ્છીઓ વસે છે ત્યાં આ દિવસે ચોક્કસ નવા વર્ષની ઉજવણી કરે છે. ભલે પહેલા જેવી ઉજવણી આજે થતી નથી. પરંતુ વર્ષો પહેલા શરૂ થયેલી આ ઉજવણી આજે પણ થાય ચોક્કસ છે. આજે પણ લોકો એક બીજાને કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે અને પ્રાર્થના કરે છે કે કચ્છડો બારે માસ રહે અને કુદરતની મહેર કચ્છ પર કાયમ રહે.
તમામ કચ્છીઓને દરેક વર્ષે આજનાં દિવસે મારી ઘણી શુભેચ્છાઓ.

સ્નેહલ જાની, સુરત
દ્વંદ્વ દ્વં.૦૦૫૯
વિષય રથયાત્રા
પ્રકાર હાઈકૂ-સાત

રસ્તા સફાઈ
સોનાના ઝાડુથી છે
પધારો પ્રભુ !

મોજ છે આજ !
પધારે ભગવાન
દર્શન દેવા !

જગ્ગનનાથ
સૌના તારણહારા
પધારે આજ !

સજાવો શેરી
મહોલ્લા ને શહેર
પધારે પ્રભુ !

અષાઢી બીજ ?
કચ્છી નવાવર્ષની
વધાઈ સૌ ને !

બાળ ગોપાલ
ને સૌ, રથ પ્રભુનો
વધાવે આજ !

. જગ્ગનનાથ
રથયાત્રા પધારે
આનંદિત સૌ

લેખક જયકાન્ત ઘેલાણી..પ્યારે’.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 195**
વિષય - અષાઢી બીજ
શીર્ષક: અષાઢી બીજ
પ્રકાર - પદ્ય અછાંદસ શબ્દો: ૮૦

ચારમાસનું ચોમાસુ ને ખેડૂત બોયે બીજ
અમૃત મેઘ આભલામાં ને આવી અષાઢી બીજ

મન ચોટ્યુ મેઘદૂતે અષાઢે વાદળ ને વીજ
અમૃત મેઘ આભલામાં ને આવી અષાઢી બીજ

શ્રાવણના સરવણામાં છબછબિયામાં રીઝ
અમૃત મેઘ આભલામાં ને આવી અષાઢી બીજ

ભાદરવો ઐ ભડકશે હોનારત પર ખીજ
અમૃત મેઘ આભલા માં ને આવી અષાઢી બીજ

અશ્વિનીને આવકારુ નક્ષત્ર બધાંજ નીજ
અમૃત મેઘ આભલામાં ને આવી અષાઢી બીજ

ચારમાસનુ ચોમાસુ પનીર માખણ ને ચીઝ
અમૃત મેઘ આભલામાં ને આવી અષાઢી બીજ

અમૃત શ્રીમાળી.મહેસાણા

**NOG SS NO-384.** શબ્દ: અષાઢી બીજ, રથયાત્રા. પ્રકાર: પદ્ય શબ્દો:૧૨૧.
★શીર્ષક:પ્રભુ પધારોને★.
જગતનો નાથ નિકળે નગરમાં ,
આવી રૂડી અષાઢી બીજ .
રોજ કરે સૌ પ્રતિક્ષા
કરે આખા જગતની સુરક્ષા.
સુભદ્રા ને બલભદ્ર આપે સાથ,
લેશે શેરી શેરીની મુલાકાત.
હૈયું હરખે હરખે વધાવે વ્હાલાને
ભક્તો અને સંતો જુવે તારી વાટ.
હું તો તારા મંદિરે રોજ આવું પણ!
આજે તું અમારો મહેમાન થા વ્હાલા.
મગનો બનાવું પ્રસાદ મામેરું રૂડું થાય,
મોસાળુ જુવે તારી વાટ જોને વ્હાલા.
ઈન્દ્ર રાજા કરે અમી છાંટણા ,
મારો ઘનશ્યામ દેખાશે નજરો નજર.
હાથીડા સજાવો રૂડા અને જોડો રથડા ,
મારો નાથ આવ્યો મારે આંગણે .
રંગોળી પૂરી ફૂલડાં થી સજાવું શેરીઓ ,
આજે પધારો જગદીશ મારી ઘરે .
ઢોલ અને શરણાઈ વગડાવો ,
જાંબુડા નો પ્રસાદ ધરાવું વ્હાલા.
અષાઢે ઉચ્ચાર્યા ઉછામણા ગીરધર આવોને,
પાવન કરો કર્ણાવતી નગરી પ્રભુ પધારોને.
★ડૉ સતિષ એસ.પટેલ "પ્રકૃતિ રક્ષક "અમદાવાદ★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NoG SS : 388**
વિષય : રથયાત્રા
શીર્ષક : ભક્તિ પથ
પ્રકાર :પદ્ય શબ્દો : ૯૩

જગન્નાથ ભગવાન નીકળ્યા રથમાં,
ભક્તો ભરી ગયા ભકતિના પથમાં।
ઘંટ ઘમકાવા લાગ્યા છે દોરે,
હૃદય ભાવનાથી ભરે ચોરે ચોરે।

બલભદ્ર સાથે સુભદ્રા જયારે,
ચાલે રથમાં ખુશી છવાય વિશ્વભારે।
ઘૂંઘટમાં આંખે ભીની ભક્તિ,
ધર્મમાર્ગે પગલે પડે સાજની યાત્રા શક્તિ।

ઘૂમે મીઠા તાસા-નગારા,
ભક્તો કરતા જયજયકારા।
મંત્રો અને ભજનના રસમાં,
દિવ્ય લાગણી વહે છે શ્વાસમાં।

નહિ તફાવત ધન કે વેષમાં,
પ્રેમ જ બંધાયે જગન્નાથના દેશમાં।
આ રથયાત્રા છે પ્રેમનો પથ,
જ્યાં ભક્તિ મળે દર દર પથપથ।
★ફાલ્ગુની★પોરબંદર, ગુજરાત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 382**
વિષય :- "રથ:યાત્રા અષાઢી બીજ"
શીર્ષક :- અવસર આનંદના અષાઢી બીજના. પ્રકાર :- પદ્ય, શબ્દ:- ૧૧૦
અવસર આનંદના અષાઢી બીજનાપ.

? અવસર આનંદના અષાઢી બીજના,
દર્શન દેશે જગન્નાથજી રે.
રથ રાજવી ને ઝૂલે ભાવે રે હાથીડા,
શોભે બલરામ સંગ શુભદ્રાજી રે.

નગર અમારું આજ ગોકુળ વૃન્દાવન,
છોગાળા છાંટણાં ઝીલજોજી રે.
ભાવની સગાઈ સવાઈ માધવજી,
દે જો દર્શન રૂડાં હરખે જી રે

પધારો લૂંટવા લ્હાવા રે લાલજી,
નગરે નગારાં વાગેજી રે.
ધર્યા છે પ્રસાદ મગ જાંબુના થાળમાં,
આરોગતા ભક્તો ઝૂમીજી રે.

લાલ પીળા રંગે શોભે છે રથજી
હાલે હરિ તરબોળ નગરે જી રે
ભાવે ધર્યું છે મોસાળું નાથજી,
શ્રધ્ધાની તુલસી ભારે જી રે.

વીંઝણા મોરપીંછ વેરે રે વાયરા
લાલજી અમારા છોગળાજી રે.
નગરે નગારાં રંગે ઉડે ગુલાલજી,
ધન્ય ધન્ય! અમે જદુરાયજી રે.

રમેશ પટેલ(આકાશદીપ)

# પાલિકાના પાપે લોકોને હાલાકી, રોડથી લઈને ઘર સુધી બધું જ પાણીમાં ગરકાવ








સુરત શહેરમાં સોમવારથી શરૂ થયેલી અવકાશી આફત બંધ થવાનું નામ લેતી નથી. સુરતમાં વરસાદી આફતનો ચોથો દિવસ અને ખાડી પૂરનો ત્રીજો દિવસ છે. ત્રીજા દિવસે પણ અનેક વિસ્તાર હજુ સુધી પાણીમાં ગરકાવ છે. ખાડી પુરના ત્રીજા દિવસે પણ સારોલી, સણીયા- હેમાદ, કુંભારીયા, ગોડાદરા સહિતના અનેક વિસ્તારો પાણી ભરાયેલા મળી રહ્યાં છે. તેમાં પણ લેન્ડમાર્ક ટેક્સટાઇલ માર્કેટ પાછળના મોર્ડન ટાઉનશીપના ૩૦૦ પરિવાર પરિવારો ત્રણ દિવસથી પૂરથી અસરગ્રસ્ત છે, તેઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. ખાડી પૂરના ત્રીજા દિવસે પણ ખાડી કિનારાનાં અનેક વિસ્તારોમાં પાણીનો નિકાલ થતો નથી ત્યાં હવે બીજની ભરતીનું પણ જોખમ રહેલું છે. સુરત શહેરમાં સિઝનના પહેલા વરસાદ સાથે જ અવકાશી આફતની શરૂઆત થઈ ગઈ છે. પાલિકા તંત્રની નબળી કામગીરી અને નબળા શાસકોને કારણે સુરતીઓ ફરી એકવાર ખાડી પૂરની ઝપેટમાં આવી ગયા છે. ખાડી પૂરનો આજે ત્રીજો દિવસ છે પરંતુ હજી પણ ખાડીના પાણી ઉતરવાનું નામ લેતા નથી. જેના કારણે હજુ સુધી અનેક વિસ્તારો પૂરના પાણી જોવા મળી રહ્યા છે. લેન્ડમાર્ક ટેક્સટાઈલ માર્કેટની પાછળ આવેલ મોર્ડન ટાઉનમાં ૩૦૦ પરિવાર ત્રણ દિવસથી પૂરગ્રસ્ત છે તેઓની હાલત કફોડી થઈ રહ્યાં છે. અવર-જવર થઈ શકતી ન હોવાથી પાણી આગળ બેરિકેટીંગ કરી દેવામા આવ્યા છે. જોકે, આજે પણ વરસાદ ચાલુ હોવાથી લોકોની સ્થિતિ કફોડી થઈ રહી છે. આ ઉપરાંત કડોદરા રોડ પર આવેલી ભારત કેન્સર હોસ્પિટલના મુખ્ય રોડ પર પણ પાણીનો ભરાવો જોવા મળી રહ્યો છે.રાજ્યમાં આગામી ૨૭થી ૨૯ જૂન દરમિયાન કચ્છ, મોરબી, દેવભૂમિ દ્વારકા, જામનગર, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, ભાવનગર, અરવલ્લી, મહીસાગર, દાહોદ, નવસારી, વલસાડ, ગાંધીનગર, પંચમહાલ જિલ્લામાં ધોધમાર વરસાદની આગાહી છે.

# સિલ્વર ઓક યુનિવર્સિટીએ કટોકટીની ઘોષણાની ૫૦મી વર્ષગાંઠની ઉજવણી મોક પાર્લામેન્ટ સત્ર સાથે કરી




૨૫ જૂન, ૨૦૨૫-આજે ભારતમાં કટોકટીની ઘોષણાની ૫૦મી વર્ષગાંઠ છે, જે ૨૫ જૂન, ૧૯૭૫ ના ??રોજ જાહેર કરવામાં આવી હતી. આ મહત્વપૂર્ણ પ્રસંગની યાદમાં, સિલ્વર ઓક યુનિવર્સિટીએ એક મોક પાર્લામેન્ટ સત્રનું આયોજન કર્યું હતું જેમાં માનનીય મહેમાનો અને વિદ્યાર્થીઓ ભારતીય ઇતિહાસના આ મહત્વપૂર્ણ ક્ષણ પર ચિંતન કરવા માટે ભેગા થયા હતા.આ કાર્યક્રમમાં માનનીય ડૉ. મનસુખ માંડવિયા હાજર રહ્યા હતા, જેઓ હાલમાં બે મંત્રાલયો: શ્રમ અને રોજગાર મંત્રાલય અને યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, ભારત સરકારનું સંચાલન કરે છે.આ મુલાકાતની શરૂઆત અમારા દ્વજીજી વિદ્યાર્થીઓના નેતૃત્વમાં ભવ્ય સ્વાગત પરેડથી થઈ હતી. સિલ્વર ઓક યુનિવર્સિટીના ઉપપ્રમુખ શ્રી જનક પી. ખંડવાલાએ ડૉ. માંડવિયાને સ્વાગતના સંકેત તરીકે પુષ્પગુચ્છ અર્પણ કર્યો.

આ પછી યુનિવર્સિટી કેમ્પસમાં માનનીય મંત્રી દ્વારા પ્રતીકાત્મક વૃક્ષારોપણ સમારોહ યોજાયો હતો.ડૉ. માંડવિયાએ ત્યારબાદ ઈમ્ એક્સટેન્શન બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર સ્થિત એક્ઝિબિશન-કમ-પોસ્ટર શોકેસ ગેલેરીનું ઉદ્ઘાટન અને મુલાકાત લીધી, જે ૧૯૭૫ ની કટોકટીને સમર્પિત હતી.

આ પ્રદર્શનમાં તે સમયગાળાના સરમુખત્યારશાહી શાસન અને ભારતીય લોકશાહી પર તેની ઊંડી અસરનું શક્તિશાળી રીતે ચિત્રણ કરવામાં આવ્યું હતું.મોક પાર્લામેન્ટ સત્રની શરૂઆત બધા માનનીય મહેમાનો માટે તિલક સમારોહ સાથે થઈ, ત્યારબાદ દીપપ્રાગટ્ય સમારોહ અને જ્ઞાનની દેવી ભગવાન સરસ્વતીને પ્રાર્થના કરવામાં આવી. મોક પાર્લામેન્ટ સત્રમાં ભાગ લેનારાઓ જોડાતા આર્યભટ્ટ હોલ ઉર્જાથી ભરાઈ ગયો હતો.

સિલ્વર ઓક યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ (એકેડેમિક) શ્રીમતી સ્વેતા જે. ખંડવાલાએ ઉપસ્થિતોને સંબોધિત કર્યા, કટોકટી દિવસની ઘોષણાના મહત્વ પર ભાર મૂક્યો.આ પછી ડૉ. મનસુખ માંડવિયાનું ઉદ્ઘાટન ભાષણ હતું, જેમણે ૧૯૭૫ ની કટોકટી પર ચિંતન કર્યું અને ભવિષ્યને આકાર આપવામાં યુવાનોની શક્તિ પર ભાર મૂક્યો.

સંસદીય સત્રમાં લોકસભાના અધ્યક્ષનું આગમન થયું, જેમાં શાસક અને વિપક્ષ બંને પક્ષોએ કટોકટીના પરિણામો અને અસરો વિશે જોરદાર ચર્ચા કરી.

કુલ ૮૦+ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ ભાગ લીધો, બંને પક્ષો તરફથી ઉત્સાહપૂર્વક દલીલો રજૂ કરી.ઉદ્ઘાટન સત્રને લંચ બ્રેક માટે અસ્થાયી રૂપે થોભાવવામાં આવ્યું હતું, ત્યારબાદ મોક સંસદ સત્રના અંતિમ ભાગમાં વર્તમાન રાજ્યમંત્રી (ગુજરાત સરકાર) શ્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહીને સન્માનિત કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ માત્ર ભારતના ઇતિહાસના એક મહત્વપૂર્ણ પ્રકરણને યાદ કરતો નથી, પરંતુ લોકશાહીના મૂલ્યો અને તેના રક્ષણમાં યુવાનોની ભૂમિકા પર સંવાદ અને ચિંતન માટે એક પ્લેટફોર્મ તરીકે પણ કામ કરે છે.

# ડાંગ જીઈબીનાં અધિકારીઓનાં કારણે બે વ્યકિતીઓનાં મોત થયાનો આક્ષેપ સાથે આવેદનપત્ર

આહવા-ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં ગડદ ગામનાં લોકોએ આજરોજ જિલ્લા વિકાસ અધિકારી તથા જિલ્લા કલેકટરને એક લેખિત ફરીયાદ કરી છે જેમાં ગડદ ગામ માં રહેતાં મૃતક સંતોષભાઈ કાલીદાસ ગાગોર્ડ,મૃતક શાંતાબેન કિશન નિકુમ નાંઓનું આજરોજ સવારે જીઈબીનાં થાંભલા પરથી ઘાસ તથા ખેતર માં કરંટ ઊતરતો હોવાથી બન્ને વિજ કરંટ લાગતાં કમકમાટી ભર્યું મોત થયું જે અંગે ગામનાં યુવાનો તથા વડીલો તથા બહુજન પાર્ટીનાં મહામંત્રી સુરીમનભાઈએ ફરીયાદ કરી છે તેઓએ જણાવ્યું છે કે ગામલોકો તથા સ્થાનીક રહેવાસીઓએ જીઈબીનાં અધિકારીને વારંવાર મૌખિક ફરીયાદ કરી હતી પરંતુ જીઈબીનાં અધિકારીઓએ



લોકોની ફરીયાદ ધ્યાને લીધી ન હતી જેનાં કારણે આજે ગામનાં એક મહિલા તથા પુરૂષ કમાકમાટી ભર્યું મોત થયું હતું વીજ વિભાગનાં જવાબદાર અધિકારી અને કર્મચારી સામે કાયદાકીય પગલાં લેવું જોઈએ આ લોકોની લાલિયાવાડી અને બેદરકારીનાં કારણે ડાંગ જિલ્લામાં રોજ-બરોજ મુગા પશુઓ તેમજ આમ જનતાં ભોગ બને છે પામનારા બન્ને લોકોને સહાય મળવી જોઈએ આમ નહી થશે તો અમારી પાર્ટી અને ગામનાં લોકો ઊગ્ર આંદોલન કરશે વીજ વિભાગનાં જવાબદાર અધિકારીઓને કોઈપણ ભોગે છોડાશે નહી તેવું જણાવ્યુ હતું તથા ગામલોકોએ પોલીસ ફરીયાદ કરવાની તજવીશ હાથ ધરી છે તથા મૃતક બન્ને લાશનું પી.એમ કરાવા માટે સિવિલ હોસ્પિટલ માં ખસેડવામાં આવી છેં આ બાબતે આહવા વીજ વિભાગનાં નાયબ ઈજનેર ભાવેશ પટેલ એ જણાવ્યું હતું કે વીજ પ્રવાહ તાત્કાલિક બંધ કરાવી દીધું છે અને અમે ધટનાં સ્થળે જવા માટે રવાનાં થયાં છે.

# ધાનેરામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ના કાર્યક્રમની શરૂઆત

ગુજરાત સરકાર દ્વારા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની શરૂઆત આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના મુખ્યમંત્રી ના સમયથી ચાલુ કરાવેલ, જેમાં ગાંધીનગર ઓફિસમાં બેઠેલા અધિકારીઓ ગામડાઓમાં આવીને બાળકોને પ્રવેશ અપાવવાનું કામ કરી રહ્યા છે. આજે ધાનેરા તાલુકાના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ની શરૂઆત ધાનેરા બી આર સી ભવન ખાતેથી લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરવામાં આવેલ. તાલુકાના ગામડાઓમાં પ્રવેશ અપાવવા માટે વિવિધ આગેવાનો અને અધિકારીઓ સહિતની ૯ ટીમ બનાવવામાં



આવી હતી. જેમાં ગાંધીનગર થી આવેલ અને રૂરલ ડેવલપમેન્ટ કમિશનર બી એમ પ્રજાપતિ, પી એ નિનામા તેમજ ધાનેરાના પૂર્વ ધારાસભ્ય નાથાભાઈ પટેલ, ભાજપ અગ્રણી ભગવાનદાસ પટેલ, વસંતભાઈ પુરોહિત, પ્રાંત અધિકારી કલ્પેશ ઉનડકટ , મામલતદાર જે આર મહેતા તાલુકા વિકાસ અધિકારી એમ જી ચૌધરી, માર્કેટ ના ચેરમેન વિરલભાઈ પટેલ, તાલુકા પ્રા. શિક્ષણાધિકારી બોચિયા, તાલુકા આરોગ્ય અધિકારી, પાણી પુરવઠા અધિકારી, નગરપાલિકા ચીફ ઓફિસર, બી આર સી તેમજ તમામ સી આર સી સહિત અન્ય કર્મચારીઓ પણ ખાસ હાજર રહ્યા હતા. અને તમામ ટીમે પ્રસ્થાન કર્યું હતું. આ ટીમો.ગામડાઓમાં પહોંચીને આંગણવાડી તેમજ દ્વદ્વદ્વ ના બાળકોને પ્રવેશ અપાવ્યો હતો. આ ભૂલકાંઓને કીટ તેમજ ચોકલેટ આપવામાં આવેલ. સાથે સાથે શાળામાં પ્રથા ક્રમે આવતા બાળકોને સન્માનિત પણ કરવામાં આવ્યા હતા.

# પાલનપુર તાલુકા ના ગાદલવાડા ગામે આંગણવાડી પ્રવેશોસ્તવ ૨૦૨૫ ઉજવાયો..



પાલનપુર તાલુકા ના ગાદલવાડા ગામે આંગણવાડી પ્રવેશ મહોત્સવ ૨૦૨૫ ઉજવાયો.આ કાર્યકમ માં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી ઉષાબેન ગજ્જર સીડીપીઓ શ્રીમતી સરોજબેન પટેલ આંગણવાડી બેનો અને નાના બાળકો ને સ્લેટપેન સ્કૂલ બુટ અને ક્રીમ રોલ. બિસ્કિટ મીઠાઈ ચવાણું નાના બાળકો ને આપવામાં આવ્યું. ગ્રામજનો ની બહોળી સંખ્યા માં ગાદલવાડા ગામે આંગણવાડી પ્રવેશોસ્તવ ૨૦૨૫ ઉજવાયો.જેમાં જીવ દયા ફાઉન્ડેશન દ્વારા જીવ દયા પ્રેમી ઠાકોર દાસ ખત્રીના સહયોગથી સ્કૂલ બુટ આપવામાં આવ્યા અને મીઠાઈ ક્રીમ રોલ નો નાસ્તો આપવામાં આવ્યો મુકેશભાઈ ભટ્ટ દ્વારા જીવ દયા પ્રેમી ઠાકોર દાસ ખત્રી નુ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું નાના બાળકો ને કીટ ના દાતા તરીકે ધાણક પારું બેન લવજીભાઈ તરફ થી નાના ભૂલકાંઓને સ્લેટ/પેન આપવામાં આવી પ્રવેશોસ્તવ ૨૦૨૫ દાતાઓના સહયોગ થી ઉજવાયો.

# પાળિયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટને ૨૫,૦૦,૦૦૦ લાખ નું અનુદાન




પાળિયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ નાં અબોલ પશુઓની સેવા માટે સતત કાર્યરત એવા સંસ્થા નાં ચેરમેન તેમજ પ્રેરક પરિવાર નાં ગુણવંતભાઈ ચીમનલાલ.ગોપાણી નાં સહયોગથી ?.૨૫,૦૦૦,૦૦ (પચ્ચીસ લાખ) અબોલ પશુઓનાં ઘાસચારા માં પ્રાપ્ત કરેલ છે. શ્રી પાળિયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટના ટ્રસ્ટ નાં ટ્રસ્ટીઓ તેમજ સેવાભાવી ટીમ જીવદયા પ્રેમી શ્રીમાન ગુણવંતભાઈ નો ખુબ ખુબ આભાર વ્યક્ત કરી જીવદયા નાં સુકૃત કાર્યની ખૂબ ખૂબ અનુમોદના વ્યક્ત કરે છે

# વિહળધામ પાળીયાદ ખાતે અમાસ ની ખૂબ ભવ્યતા દિવ્યતા સાથે ઉજવણી કરવામાં આવેલ...

આજ રોજ તા.૨૫/૦૬/૨૦૨૫ ને બુધવાર ના રોજ પ.પુ.શ્રી વિસામણબાપુ ની જગ્યા વિહળધામ પાળીયાદ ખાતે અમાસ ની ખૂબ ભવ્યતા દિવ્યતા સાથે ઉજવણી કરવામાં આવેલ...

લાખો ભાવિક ભક્તો અને સેવકો લોકો ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકાર તેમજ ઠાકર શ્રી વિહળાનાથ ના દર્શન કરવા સાથે પ્રાર્થના અને દુખ દર્દ પીડા મટાડવા ના શ્રદ્ધા ભાવ થી રોકડીયા ઠાકર ના દર્શને આવે છે...

૨૫૦ વર્ષે થી પણ જૂની દેહાણ પરંપરા ની પરમ પુજ્ય શ્રી વિસામણબાપુ ની જગ્યા કે જ્યા વર્ષો થી ધર્મ ના ત્રણ ત્રણ ધજાગરા ભજન ભોજન અને ભક્તિ ના ભાવ થી ઉભા છે જ્યાં ટુકડો ત્યાં હરિ ઢૂંકડો ના સૂત્ર ને સાર્થક કરવા રોટલો ને ઓટલો દિવસ ને રાત ચોવીસ કલાક મળી રહે છે...

પરમ પુજ્ય શ્રી વિસામણબાપુ દ્વારા ૨૨૭ વર્ષ પહેલા ઘી ગોળ ને ચોખા નો પ્રસાદ નો સદાવ્રત શરૂ કરેલ તે સદાવ્રત રૂપી સેવાગંગા આજે પણ અવિરત શરૂ છે ખૂબ શ્રધ્ધાળુ , યાત્રિકો અને દિનદુખીયા અહી પ્રસાદ નો રોજે લાભ લે છે જ્યારે અમાસ ના પ્રસાદ માટે લાખ થી સવા લાખ માણસો પ્રસાદ લે છે...

પુજ્ય શ્રી નાના ઉનડબાપુ એ ભાવિકો ને અમાસ ના દિવસે અમાસ ભરવી અને ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકાર અને ઠાકર શ્રી વિહળાનાથ ના દર્શન તેમજ અમાસ ના દિવસે ધજા ચડાવવી એવી પરંપરા શરૂ કરેલ જે આજ દિવસ સુધી શરૂ છે...

જે કોઈ સેવક ની ધજા અને રસોઈ લખાવેલ હોય એમને દર



અમાસે વારા પ્રમાણે લખાવેલ રસોઈ અને ધજા નો લાભ મળે છે અમાસ ના દિવસે ધજા અને રસોઈ ના યજમાન પરીવાર ને પ્રથમ બ્રાહ્મણો દ્વારા ધજા નુ પૂજન કરાવવામા આવે છે ત્યાર બાદ ઢોલ નગારા સાથે વાજતે ગાજતે ધજા ને પરીવાર ના લોકો માથે ચડાવી ધજાગરા પાસે આવે છે અને ત્યાં પાળીયાદ જગ્યાના મહંત ગાદીપત્તી ધજા ને વધાવે છે અને નમન કરી માથે ચડાવે પછી ધજા ચડાવવામા આવે છે આ કાર્યકાળ દર અમાસ ના દિવસે હોય છે અને પાળીયાદ ના શ્રધ્ધાળુ ભાવિકો દર અમાસ ભરવા અને દર્શન કરવા ખૂબ મોટી સંખ્યામા અને દૂર દૂર થી આવે છે આ સંખ્યા આજની તારીખે ભાવિકો ની વધતી વધતી એક લાખ થી પણ વધી ગઈ છે...

અમાસ ના દિવસે પાળીયાદ મા એક માનવ મેળા જેવો માહોલ હોય છે

ખૂબ લોકો આવે છે અને પ્રભુ શ્રી રાઘવેન્દ્ર સરકાર અને ઠાકર વિહળાનાથ ની સમાધિ સ્થાન દેવળે માથુ નમાવી માનતા કે પ્રાર્થના કરે છે ને આશીર્વાદ મેળવે છે ને પાળીયાદ ના ઠાકર ને રોકડીયો ઠાકર કહેવામા આવે છે મન ની ઈચ્છા જલ્દી પુરી કરે છે...

શ્રધ્ધાળુ ત્યાં વંશ પરંપરાગત ના ઠાકર અને મહંત ની સમાધિ સ્થાન દેરીએ માથુ નમાવી દર્શન પ્રાર્થના અને આશીર્વાદ મેળવે છે અને વર્તમાન મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્માળાબા ઉનડબાપુ ના ચરણ સ્પર્શ કરી અને બાળઠાકર શ્રી પૃથ્વીરાજબાપુ ના દર્શન કરી અને જગ્યા ના સંચાલક અને અખિલ ભારતીય સંત સમિતિ ના કાયમી સદસ્ય પુજ્ય શ્રી ભયલુબાપુ ના દર્શન કરી ને વિસામણબાપુ ના જન્મ સ્થળ ઓરડા ના દર્શન અને પરચા પૂરતો પાણી નો અવેડો જેનુ ચરણામૃત લઈ ને અહી ની ગૌસેવા માટે બનાવેલ શ્રી બણકલ ગૌશાળા કે જ્યાં ૭૫૦ થી વધુ ગાયો છે એની મુલાકાત લે છે ત્યારબાદ ભોજન પ્રસાદ આરોગે છે અને ખૂબ ધન્યતા દિવ્યતા અનુભવે છે અને પોતાના ગામ તરફ પ્રસ્થાન કરે છે...

પગપાળા દર્શને પણ ખૂબ લોકો આવે છે જે અમાસ ની આગળ ના દિવસે રાત્રી ના સમયે આ ભાવિકો આવી જાય છે ને ઉતારો કરે છે આવી રીતે અમાસ નો આખો દિવસ પાળીયાદ મા શ્રધ્ધાળુ ની ખૂબ ભીડ અને ઉત્સાહ અને ઉમંગ સાથે પસાર થાય છે...

પુજ્ય વિસામણબાપુ ની જગ્યા મા ખૂબ શ્રધ્ધાળુ ને આવકારો ને પ્રેમભાવ જગ્યા ના મહંત શ્રી અને સંચાલકશ્રી અને સેવક સમુદાય દ્વારા આપવામા આવે છે...

રણુજા ના રાજા અને બારબીજ ના ધણી રામદેવપીર ના અવતાર પુજ્ય વિસામણબાપુ ને માનવામા આવે છે અને એના પુરાવા પણ છે અને હજારો પરચા પણ પુરેલા છે

જેમને પાળીયાદ ના ઠાકર ની ઉપમા પણ છે અને રામદેવપીર ના વરદાન પ્રમાણે પેઢીએ પીર અને સવાયા પીર થશે એ પણ વચન નુ સત્ય સમયે સમયે નજરે જોય શકાય છે...આજ ની આ પવિત્ર સવંત ૨૦૮૧ જેઠ વદ ની અમાસ ના ધ્વજારોહણ અને મહાપ્રસાદ ના દાતાશ્રી બગડ ગામ , હાલ વડોદરા નિવાસી શ્રી વિનોદભાઈ પિતાંબરભાઈ તુરખીયા તેમજ શ્રી જીગ્નેશભાઈ વિનોદભાઈ તુરખીયા તેમજશ્રી નિમેષભાઈ વિનોદભાઈ તુરખીયા તથા સહ પરીવાર તરફથી રાખેલ છે...

અહેવાલ કનુભાઈ ખાચર

# વડોદરા-કરજણ વચ્ચેનો હાઈવે ત્રાસદાયક બન્યો, ૧૨ કિલોમીટરનો ચક્કાજામ, તંત્ર



વડોદરાથી કરજણ વચ્ચેનો માર્ગ વાહન ચાલકો માટે ત્રાસરૂપ બની ગયો છે. રોજેરોજ પાંચથી સાત કિલોમીટરનો જામ થતો હોવા છતાં તંત્રના પેટનું પાણી પણ હાલતું નથી. પરિણામે આજે ૧૦ થી ૧૨ કિલોમીટર સુધીનો જામ થઈ ગયો હતો.પોર નજીક પસાર થતી ધાધર નદીના બ્રિજ ઉપર આરપાર દેખાય શકે તેવો મોટો ભૂવો પડતાં ટ્રાફિક પર સીધી અસર પડી છે. જેને કારણે ભારદારી વાહનો ખૂબ જ ધીમેથી પસાર થઈ રહ્યા છે.સતત ટ્રાફિકથી ધમધમતા વડોદરા સુરતના આ હાઈવે પર વડોદરા નજીક જાંબુઆ ગામથી બામણગામ સુધી ટ્રાફિક જામ થતા અનેક નોકરીયાતો અને ધંધાર્થી અટવાયા હતા. નોંધનીય છે કે, વડોદરા કરજણ વચ્ચેના સાંકડા બ્રિજને પહોળા કરવા કેન્દ્ર સરકાર તરફથી વારંવાર જાહેરાત કરવામાં આવી છે પરંતુ તેનો અમલ નહી થતાં આસપાસના ગામના લોકો તેમજ વાહન ચાલકો ભારે પરેશાન થઈ રહ્યા છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.